**અમદાવાદના એડીશનલ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબ (કોર્ટ નં.૪) ની કોર્ટમાં, અમદાવાદ.**

**ફો.કેસ નં.48513-2022**

**<u>ફરીયાદી :</u>** **સરકારશ્રી**

**વિરૂધ્ધ**

**આરોપી** **ચિરાગભાઈ હસમુખભાઈ બારોડ**

**ગુન્હો. :– પ્રોહી ક.૬૫(એ)(એ.),૧૧૬(બી)**

**<u>:– જજમેન્ટ:–:</u>**

**ફરીયાદપક્ષના કેસની હકીકત ટુંકમાં એવી છે કે:– આરોપી ગેરકાયદેસર રીતે પાસ પરમીટ વીના બોટલ ભારતીય બનાવટનો વિદેશી દારૂ સાથે મળી આવી આ અદાલતની હકુમતમા ગુનો કરેલ હોઈ ચાર્જશીટ રજુ થયેલ છે.**

**આરોપીએ ઉપરોકત હકીકતે ફરીયાદમાં જણાવ્યા મુજબ નો ગુનો કરેલ છે. તે ગુનો કબુલાત પુરસીસમાં ગુનો કબુલ રાખેલ છે. જે સ્વૈચ્છિક રીતે ગુનો કબુલ કરેલ હોવાની ખાત્રી કરી આ તેમનો પ્રથમ ગુનો હોય અને બાળ બચ્ચા વાળા માણસો હોઈ આર્થિક પરીસ્થિતી અને નબળા સંજોગો ધ્યાનમાં રાખી ઓછો દંડ કરવા અરજ કરેલ છે. આ કામે કાયદાની કલમમાં સજાની જોગવાઈ જોતાં તેમજ આરોપી બાલબચ્ચા વાળો માણસ હોઈ પ્રથમ ગુન્હો હોઈ ભવિષ્યમા ગુનો નહી કરવાની ખાત્રી આપેલ હોઈ તેમજ આરોપી તરફે તેમના વિ.વ.શ્રીએ નામદાર ગુજરાત હાઈકોર્ટનો ન્યાયમુર્તિ શ્રી જે.એન. ભટ્ટ સાહેબનો ચુકાદો લક્ષમા રાખી ઓછામા ઓછી સજા દંડ કરવા અરજ કરેલ છે, જે સમગ્ર હકીકતો ધ્યાને રાખતા નીચે મુજબ હુકમ કરુ છુ.**

**:: હુકમ :**

આરોપીને ક્રિ.પ્રો.કોડ કલમ–૨૫૨ અન્વયે પ્રોહી ક.૬૫(એ)(એ.),૧૧૬(બી) મુજબના ગુનાના ભંગબદલ રૂા.૧ ૦૦૦/–(રૂપીયા એક હજાર પુરા )દંડ કરવામા આવે છે. આરોપીની ઉંમર જોતા તેમજ તેમના પરની જવાબદારી ધ્યાને રાખતા તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો **State Of Gujarat Versus Natwar Harchandji Thakor 2005 (1) GLR 709 : 2005 (1) GCD 749** લક્ષમા રાખતા સજા કરવામા આવતી નથી.

જો આરોપી દંડ ન ભરે તો દિન–૧૫ (પંદર)ની સાદી કેદની સજા ભોગવવાની રહેશે. આ કામે કબજે કરવામા આવેલ મુદ્દામાલ બોટલ નંગ– સબંધે નશાબંધી વિભાગ તરફ અપીલ સમય બાદ મોકલી આપવો.

તારીખઃ ૧૩ ઓગષ્ટ ૨૦૨૨ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી જાહેર કર્યો.

| | | |
|---|---|---|
| | | ( એચ. જે. બ્રહમભટ્ટ) |
| | | એડીશનલ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ (કોર્ટ નં.૪)<br>અ મ દા વા દ. |
| | | કોડ નંબર જી.જે. ૦૧૧૭૨ |